# તમને અમેરિકાના કયા વિઝા જોઈએ છે?

મિત્રો, આજે આપણે આ વિઝાના પ્રકારોની શ્રેણીમાં આગળ વધીએ. ગયા અંકમાં આપણે A થી L સુધીના વિઝાના જુદા જુદા પ્રકારો વિશે જાણ્યું હતું. આજે આપણે બાકી રહેલા નોન ઈમિગ્રન્ટ વિઝાના પ્રકારો વિશે જાણીએ.

M-1:- વોકેશનલ અથવા નોન એકેડેમિક વિદ્યાર્થીઓ માટે.

M-2:- M-1 વિઝાધારકોના પતિ/પત્ની અને 21 વર્ષની વયની નીચેના સંતાનો માટે.

M-3:- મેક્સિકો અને કેનેડાના વોકેશનલ અને નોન એકેડેમિક ફુલ ટાઈમ અને પાર્ટ ટાઈમ નાગરિકો અને રહેવાસીઓ માટે.

N:- ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન્સમાં કામ કરતી વ્યક્તિના સગા માટે

NATO 17:- નાટોની સંધિ હેઠળ લાયક ઠરનાર વ્યક્તિ જે અમેરિકામાં જનાર હોય તેના અને તેના કુટુંબીજનો અને નોકરો માટે.

O-1:- વિજ્ઞાન, કલા, ભણતર, વ્યાપાર અને રમતગમતમાં અસાધારણ સિદ્ધિ ધરાવનાર વ્યક્તિ માટે.

O-2:- O-1 વિઝા હોલ્ડરના મદદનીશ માટે.

O-3:- ઓવન વિઝાના આશ્રિત માટે.

P-1:- દેશ પરદેશમાં ખ્યાતિ મેળવેલ રમતગમતવીર અને મનોરંજન કરનાર ગ્રુપ અને તેમના મદદનીશો માટે.

P-2:- કલાકારો અને મનોરંજન કરનાર વ્યક્તિ અથવા એમના ગ્રુપ જે એક્સચેન્જ પ્રોગ્રામ હેઠળ જતા હોય એમના માટે અને એમના મદદનીશો માટે.

P-3:- સાંસ્કૃતિક રીતે ખાસ આવડત ધરાવનાર, મનોરંજન કરનાર અને એમના મદદનીશો માટે.

P-4:- P-1, P-2, P-3 વિઝાધારકોના પતિ/પત્ની અને એમના આશ્રિતો માટે.

Q-1:- આઈ એન એસ એ એપ્રુવ કરેલ ઈન્ટરનેશનલ સાંસ્કૃતિક એક્સચેન્જ પ્રોગ્રામમાં ભાગ લેનાર વ્યક્તિઓ માટે.

Q-2:- Q-1 વિઝા હોલ્ડરના નજીકના કુટુંબીજનો માટે.

R-1:- ધર્મગુરુ, મહારાજો વગેરે માટે.

R-2:- R-1 વિઝાધારકોના નજીકના કુટુંબીજનો માટે.

S:- અમેરિકાના કાયદાના રખેવાળોની એજન્સીઓને મદદરૂપ થનાર અને માહિતી આપનાર વ્યક્તિઓ માટે.

T:- અમેરિકામાં સ્મગલિંગથી લવાયેલા અને વેશ્યાનું કામ, ઘરકામ અને ખેતીકામ કરવાની ફરજ પાડવામાં આવેલ વ્યક્તિઓ માટેના સ્પેશિયલ વિઝા.

TN:- કેનેડા અને મેક્સિકોના વ્યવસાયિકો અને કન્સલ્ટન્ટો માટે.



Concept - Mr. Sudhir Shah

TD:- TN વિઝાધારકોના પતિ/પત્ની અને તેમના અપરિણીત અને સગીર વયના સંતાનો માટે.

V:- અમેરિકાના ગ્રીનકાર્ડધારકના પતિ/પત્ની અને સગીર વયના સંતાનો જેઓ ત્રણથી વધુ વર્ષોથી ઈમિગ્રન્ટ વિઝા મેળવવાની રાહ જોઈ રહ્યા હોય તેમના માટે.

આ હતી અમેરિકાના A થી માંડીને V સુધીના નોનઈમિગ્રન્ટ વિઝા મેળવવા માટે કોણ કોણ લાયક છે અને એ મેળવવા માટે કેવી કેવી લાયકાતો ધરાવવી જોઈએ. એની જાણકારી આપતી માહિતી.

**વિઝા મિત્ર**
★ સંગીતા જોશી

કોઈપણ પ્રકારના નોન ઈમિગ્રન્ટ વિઝા લેવા માટે જ્યારે તમે જાઓ ત્યારે તમારે નીચે દર્શાવેલી શરતોનું પાલન કરવું જરૂરી છે.

વિઝા એટલે તમને અમેરિકામાં દાખલ થવાની મંજૂરી આપતો તમારા પાસપોર્ટ પર મારવામાં આવેલો સિક્કો. આ સિક્કો તમને ફક્ત અમેરિકાની બહારથી એટલે કે બીજા દેશમાંથી મળી શકે છે. તમે અમેરિકાની અંદર રહીને વિઝાનો સિક્કો મરાવી નથી શકતા. અમેરિકામાં જો તમે એક પ્રકારના વિઝા પર હો અને તમને બીજા પ્રકારનું કામ કરવું હોય તો તમારે તમારા દેશમાં પાછા ફરવું પડે છે અને ત્યાંથી બીજા નવા પ્રકારના વિઝા મેળવવા પડે છે. દાખલા તરીકે તમે જો અમેરિકામાં B-1/B-2. વિઝા પર ફરવા ગયા હો અને તમને ત્યાંની યુનિવર્સિટીમાં કોઈ કોર્સ કરવાનું મન થાય તો તમારે પાછા તમારા દેશમાં આવવું પડશે અને અહીંથી સ્ટુડન્ટ વિઝા લઈને પછી તમે અમેરિકામાં જઈને અભ્યાસ કરી શકશો. અમેરિકામાં રહીને જો તમારે જે પ્રકારના વિઝા હોય તેનાથી વેગળું કામ કરવું હોય તો

**અમેરિકામાં જો તમે એક પ્રકારના વિઝા પર હો અને તમને બીજા પ્રકારનું કામ કરવું હોય તો તમારે તમારા દેશમાં પાછા ફરવું પડે છે અને ત્યાંથી બીજા નવા પ્રકારના વિઝા મેળવવા પડે છે**

તમારે યા તો પોતાના દેશમાં પાછા ફરીને નવા વિઝા લેવા પડે છે અથવા જો શક્ય હોય તો તમને તમારું સ્ટેટસ બદલાવીને મળી શકે છે. જો તમે વિઝામાં આપ્યા કરતાં વધુ સમય અમેરિકામાં રહી જશો તો તમારો એ રહેવાસ ઈલીગલ ગણાશે. આથી કોઈપણ પ્રકારના નોનઈમિગ્રન્ટ વિઝા પર દાખલ થતાં પહેલાં તમારે તમને આપવામાં આવેલી મુદત કરતાં એક દિવસ પણ વધુ રહેવું ન જોઈએ, નહીં તો તમારો ઓવરસ્ટે ગણાશે અને તમને બીજી વખત કોઈપણ પ્રકારના વિઝા મેળવવામાં મુશ્કેલી પડશે. અમેરિકાના નોનઈમિગ્રન્ટ વિઝા મેળવવા માટે તમારે કોન્સ્યુલેટમાં ઓફિસર પાસે સાબિત કરવું પડશે કે તમે અમેરિકામાં કાયમ માટે રહેવા નથી ઈચ્છતા. તમારા પોતાના દેશમાં તમારા એવા ગાઢ સંબંધો છે જે તમને સ્વદેશ પાછા ખેંચી લાવશે. આ ગાઢ સંબંધોમાં તમારું કુટુંબ, તમારી એસેટ્સ, તમારી નોકરી, તમારું ભણતર, તમારું કામકાજ બધું જ આવી જાય છે. આ બધું સાબિત કરવા માટે તમને ઈન્ટરવ્યૂમાં ફક્ત બે કે ત્રણ મિનિટનો સમય જ ફાળવવામાં આવે છે. આથી એટલા સમયમાં તમારું વર્તન, તમારો આત્મવિશ્વાસ, તમારા ડોક્યુમેન્ટ્સ વગેરે બધું જ તમારે મજબૂત રાખવું પડે છે. કોન્સ્યુલર ઓફિસર તમને સામેથી કશું જ બોલવા દેતા નથી. પણ જવાબો આપતી વખતે જ તમારે તમારું નોનઈમિગ્રન્ટ ઈન્ટેન્શન સાબિત કરવું પડે છે અને તો જ તમને નોનઈમિગ્રન્ટ વિઝા મળી શકે છે. તો આજના લેખમાં હતાં નોનઈમિગ્રન્ટ વિઝાના પ્રકારો. આશા રાખું છું કે તમને એના થકી ઘણી જાણકારી મળી હશે તો હવે આવતા અંકોમાં આપણે જોઈશું ઈમિગ્રન્ટ વિઝાના પ્રકાર.

(ક્રમશઃ)


# વેલે પાર્કિંગ દરમિયાન વાહન ચોરી થાય તો હોટેલ જવાબદાર ગણાય?

ભારતમાં હોટેલો દ્વારા આપવામાં આવતી વેલે પાર્કિંગ સેવા આજના સમયમાં સામાન્ય બની ગઈ છે. મહેમાનો પોતાની કાર હોટેલના કર્મચારીને સોંપીને નિશ્ચિંતપણે હોટેલમાં પ્રવેશ કરે છે. પરંતુ જો આ દરમિયાન વાહનની ચોરી થઈ જાય તો તેની જવાબદારી કોની ગણાય? શું હોટેલ માત્ર પાર્કિંગ ટોકન ઉપર ''વાહન માલિકના જોખમે પાર્ક કરવામાં આવે છે'' જેવી શરત લખીને પોતાની જવાબદારીમાંથી મુક્ત થઈ શકે? આ અત્યંત મહત્વના પ્રશ્નોનો જવાબ સુપ્રીમ કોર્ટે Taj Mahal Hotel Vs. United India Insurance Co. Ltd. / Ors. કેસમાં આપ્યો હતો.

આ કેસના તથ્યો મુજબ, એક ગ્રાહક રાત્રિના સમયે પોતાની મારુતિ ઝેન કાર લઈને તાજ મહેલ હોટેલમાં આવ્યો હતો. તેણે પોતાની કારની ચાવી હોટેલના વેલેટને સોંપી હતી અને બદલામાં પાર્કિંગ ટોકન મેળવ્યું હતું. તે ટોકન ઉપર સ્પષ્ટ લખેલું હતું કે વાહન માલિકના જોખમે પાર્ક કરવામાં આવે છે અને વાહન ગુમ થાય કે નુકસાન થાય તો હોટેલ જવાબદાર રહેશે નહીં. ગ્રાહક અંદર ભોજન માટે ગયો હતો. થોડા સમય બાદ જ્યારે તે બહાર આવ્યો ત્યારે જાણવા મળ્યું કે તેની કાર અજાણ્યા વ્યક્તિ દ્વારા લઈ જવામાં આવી હતી.

**ગ્રાહક મંચ**
★ શ્રેયસ દેસાઈ (એડવોકેટ)

તપાસમાં બહાર આવ્યું કે કેટલાક યુવાનો પૈકી એક વ્યક્તિએ વેલે ડેસ્ક પરથી કારની ચાવી ઉપાડી લીધી હતી અને કાર લઈને ફરાર થઈ ગયો હતો. પોલીસ ફરિયાદ છતાં વાહન મળી આવ્યું નહોતું. ત્યારબાદ વાહન વીમા કંપનીએ કાર માલિકને રૂ. 2,80,000 ચૂકવ્યા બાદ સબરોગેશનના આધારે ગ્રાહક સાથે મળીને હોટેલ વિરુદ્ધ ગ્રાહક ફરિયાદ દાખલ કરી હતી. શરૂઆતમાં રાજ્ય ગ્રાહક કમિશને હોટેલને




**વાહનો સુરક્ષિત સ્થળે પાર્ક કરાવવા, સીસીટીવી વ્યવસ્થા કરવી અને યોગ્ય સુરક્ષા વ્યવસ્થા ઊભી કરવી જરૂરી છે**

જવાબદાર ઠેરવી વીમા કંપનીને રૂ. 2,80,000 સાથે વ્યાજ તથા ખર્ચ ચૂકવવાનો હુકમ કર્યો હતો અને ગ્રાહકને માનસિક ત્રાસ બદલ અલગ વળતર પણ આપ્યું હતું. ત્યારબાદ મામલો નેશનલ કમિશન અને અંતે સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યો હતો.

સુપ્રીમ કોર્ટ સમક્ષ મુખ્ય પ્રશ્ન એ હતો કે વેલે પાર્કિંગ દરમિયાન હોટેલ અને ગ્રાહક વચ્ચે ''બેલમેન્ટ'' (Bailment) નો સંબંધ ઊભો થાય છે કે નહીં. ભારતીય કરાર અધિનિયમ, 1872 ની કલમ 148 મુજબ જ્યારે કોઈ વ્યક્તિ પોતાની વસ્તુ કોઈ વિશેષ હેતુ માટે બીજી વ્યક્તિને સોંપે અને તે વ્યક્તિએ તે વસ્તુ સુરક્ષિત રીતે પરત આપવાની હોય, ત્યારે બેલમેન્ટનો સંબંધ સર્જાય છે. કોર્ટે જણાવ્યું કે જ્યારે ગ્રાહક પોતાની કાર અને તેની ચાવી વેલેટને સોંપે છે, ત્યારે વાહન પરનો કબજો હોટેલ પાસે જાય છે અને બેલમેન્ટનો સંબંધ સ્પષ્ટપણે અસ્તિત્વમાં આવે છે.

કોર્ટે વધુમાં નોંધ્યું કે વેલે પાર્કિંગ સેવા ભલે ''કોમ્પ્લીમેન્ટરી'' હોવાનું હોટેલ દાવો કરે, તેમ છતાં તે સંપૂર્ણપણે મફત સેવા નથી. પાંચ તારાંકિત હોટેલો દ્વારા વસૂલવામાં આવતા ઊંચા ચાર્જીસમાં આવી સુવિધાઓનો સમાવેશ થતો હોય છે અને આ સુવિધા મહેમાનોને આકર્ષવા માટે આપવામાં આવતી હોય છે. તેથી હોટેલ આ સેવાને સંપૂર્ણપણે નિઃશુલ્ક કહી પોતાની જવાબદારી ટાળી શકતી નથી.

સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું કે હોટેલને માત્ર સુરક્ષા ગાર્ડ અથવા પાર્કિંગ એટેન્ડન્ટ મૂકવાથી ફરજ પૂર્ણ થઈ જતી નથી, હોટેલે કારની ચાવીઓ સુરક્ષિત રાખવી, વાહનો સુરક્ષિત સ્થળે પાર્ક કરાવવા, સીસીટીવી વ્યવસ્થા કરવી અને યોગ્ય સુરક્ષા વ્યવસ્થા ઊભી કરવી જરૂરી છે. જો વાહન પરત ન મળે તો પ્રથમ દ્રષ્ટિએ બેદરકારી હોવાનું અનુમાન થાય છે અને ત્યારબાદ હોટેલ ઉપર એ સાબિત કરવાની જવાબદારી આવે છે કે તેણે તમામ જરૂરી કાળજી લીધી હતી. આ ચુકાદાનો સૌથી મહત્વપૂર્ણ ભાગ એ છે કે પાર્કિંગ ટોકન ઉપર છાપેલી ''હોટેલ જવાબદાર નહીં'' જેવી શરતોને કોર્ટે માન્યતા આપી નહોતી. કોર્ટે ઠરાવ્યું કે આવી એકતરફી શરતો ગ્રાહકના અધિકારોને નષ્ટ કરી શકતી નથી. હોટેલ પોતાની બેદરકારી માટે માત્ર ટોકન ઉપરની છાપેલી શરતોનો આશરો લઈ જવાબદારીમાંથી મુક્ત થઈ શકતી નથી. આજના સમયમાં મોલ, હોટેલ, ક્લબ, મલ્ટીપ્લેક્સ અને અન્ય સંસ્થાઓ દ્વારા પાર્કિંગ અને વેલે સેવાઓ આપવામાં આવે છે. જ્યાં ગ્રાહક પોતાની મિલકત કોઈ સંસ્થાને સોંપે છે,આમ, તાજ મહેલ હોટેલનો આ ચુકાદો ભારતીય ગ્રાહક કાયદામાં એક માઈલસ્ટોન સમાન છે, જે ગ્રાહકોને વધુ મજબૂત કાનૂની સુરક્ષા પ્રદાન કરે છે.

### કેન્ડલ લાઈટ

વિશ્વાસની ચાવી સોંપી હતી જેને હાથમાં,
એ જ જો બેદરકાર બને તો દુઃખ ઘણું થાય.
પરંતુ ન્યાયના મંદિરમાં સત્ય જ્યારે ઝળહળે,
ત્યારે આશાની કેન્ડલ ફરી પ્રગટી જાય.